# પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

બ્લોક નં.૧૨, પહેલો માળ, ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

## ઓનલાઈન પધ્ધતિ દ્વારા જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની જિલ્લા આંતરિક બદલી અંગેની જાહેરાત વર્ષઃ ૨૦૨૪

જિલ્લા/મહાનગર/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક (ધો.૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધો.૬ થી ૮ વિષયવાર) તમામ માધ્યમના શિક્ષક/વિદ્યાસહાયકોની જિલ્લા/મહાનગર/નગર શિક્ષણ સમિતિમાં આંતરિક બદલીઓ શિક્ષણ વિભાગના બદલી ઠરાવ ક્રમાંકઃપીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૯૫/ક (ભાગ-૧) તાઃ-૧૧/૦૫/૨૦૨૩ અને ત્યારબાદના વખતોવખતના સુધારા ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈને જિલ્લામાં આંતરિક બદલી કરાવવા ઈચ્છતા શિક્ષક/વિદ્યાસહાયક પાસેથી નિયત નમુનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ અને મહાનગરપાલિકા/નગરપાલિકાની શિક્ષણ સમિતિ હસ્તકના શિક્ષક/વિદ્યાસહાયક બદલી અંગેની ઓન-લાઈન અરજી તાઃ- ૦૧/૦૯/૨૦૨૪ ના ૧૨.૦૦ કલાક થી તાઃ-૦૫/૦૯/૨૦૨૪ ના ૨૩.૫૯ કલાક દરમ્યાન આ કચેરીની વેબસાઈટ www.dpegujarat.in ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ કરવાની રહેશે.

૧. જિલ્લા/મહાનગર/નગર શિક્ષણ સમિતિમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક (વિષયવાર) શાળાની ખાલી જગ્યાઓની વિગતવાર માહિતી, આંતરિક બદલી અંગેની અરજી ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ તથા બદલી અંગેના પ્રવર્તમાન નિયમોની માહિતી www.dpegujarat.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

૨. પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ ઉપલબ્ધ ખાલી જગાઓ માટે બીજા રાઉન્ડની તારીખો વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. એ મુજબ અરજી કરવાની રહેશે. તે અંગે અલગથી જાહેરાત આપવામાં આવશે નહી.'

૩. વેબસાઈટ ઉપર આપેલી સુચનાઓ અનુસરીને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી આ વેબસાઈટ જોવાની રહેશે.

૪. શિક્ષણ વિભાગના તાઃ- ૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણઃ- G(13) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ જિલ્લા આંતરિક બદલી અંગેનો હુકમ કોઈ પણ સંજોગોમાં રદ કરવામાં આવશે નહી જે ધ્યાને લેશો.

તાઃ- ૨૧/૦૮/૨૦૨૪

સ્થળઃ- ગાંધીનગર

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નિતી/૨૦૨૪/

(ડો. એમ. આઈ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

માહિતી/૮૨૩/૨૦૨૪-૨૫